''અરે સાહેબ..! થાક્યા હવે !''

''શાનાથી થાક્યા..?!''

''રાજકીય તમાશાઓથી થાક્યા... નાટકો... દેખાડા.. દંભ... આક્ષેપો... પ્રતિ આક્ષેપો... અને એ પણ પૂર પીડિતોની વચ્ચે..!''

''હા ભાઈ... એ તો રાજકીય આગેવાનો છે એટલે આક્ષેપો તો કરશે જ ને..! ઓછા મંત્રો બોલવાના છે કે સુવાક્યો બોલવાના છે ?!''

''પણ થોડીક મર્યાદા તો હોયને સાહેબ..! અન્ય પક્ષના નેતા તમારા વિસ્તારમાં આવે ત્યારે તેની ઉપર પથ્થરમારો કરવો... કાળા વાવટા બતાવવા... એ કેટલા અંશે વ્યાજબી છે..?! અને તે પણ ખબર અંતર પુછવા આવ્યાં 'તા.''

''... એ તો કોઈકે અટકચાળો કર્યો... એમાં આખા પક્ષની કે ગામની વાત નથી...''

''ના સાહેબ ના..! આ ષડયંત્ર ગોઠવાયેલું જ હોવું જોઈએ..! એકાએક કાળી પટ્ટીઓ ક્યાંથી આવે ?! અને આવડો મોટો પથ્થર ક્યાંથી આવે..?!''

''ચાલ્યા કરે રાજકારણમાં તો આવું... એમાં આટલા બધા લાલચોળ શાના થઈ જાવ છો..?!''

''ના... ના... સાહેબ આ હદ બહાર જાય છે... તમારા પક્ષના નેતાઓ આવે ત્યારે કોઈક આવું કરે તો ખબર પડે..!! પણ બીજા પક્ષના નેતા ખબરઅંતર પુછવા આવે ત્યારે આ પ્રકારનું વર્તન ખુબ જ ચિંતાજનક લાગે છે... સાહેબ..!''

''સાવ સાચુ કહુ...?! બધાએ ખબર અંતરના નામે પોતાની રાજકીય ખીચડી પકાવવા આવે છે..!''

''હા... એ તો તમારી વાત સાચી જ છે... અને આવું જ તમે બોલો એ વાત પણ સાચી જ છે...!''

''કોઈ પણ પક્ષના... કોઈ પણ સંસ્થાના... તમારા વિરોધ માનસિકતા ધરાવતા નેતાઓ આવે એને કેમ સહન નથી કરી શકતા ?! વિરોધીને સહન કરે એ જ સમર્થ કહેવાય...?!''

''પણ વિરોધી છીએ એવું તો લાગવું જોઈએ ને..?!''

''અરે સાહેબ... વિરોધ વિચારધારાનો હોવો જોઈએ... વ્યક્તિનો નહિ... વિરોધ વાણી અને વર્તનનો હોવો જોઈએ કર્મનો નહી. ખુબ સીધુ સાદુ ગણિત કે દુ:ખની પળોમાં તો દુશ્મન પણ ઘરે સાંત્વના આપવા આવે... એ સમયે ગાળાગાળી કરશું..? થોડું શોભે એવું તો વર્તન જોઈએ ને..?!''

''હા... એ વાત સાચી છે... પણ તમેય ભુતકાળ તમારો જુઓ ને..!''

''ના સાહેબ ના... અમે કોઈપણ પક્ષના નેતા પર પત્થરમારો કરવાનું શીખ્યા નથી. હા સરઘસો અને ધરણાઓ કર્યા છે... પણ આટલી હદે તો ક્યારેય અમે ગયા નથી... હોં..!''

''ઠીક છે... સમયે સમયે બધા સંત બને છે... પણ એક વાત આપણે સૌએ સ્વીકારવી જોઈએ કે સત્ય અને અહિંસાના પુજારી ગાંધીના ગુજરાતમાં આવી ઘટના બને ત્યારે આપણુ માથુ શરમથી ઝુકી જાય છે અને ગુજરાતી હોવાનું આપણું ગૌરવ હણાય છે.

**- નિમિત્ત માત્ર**

મોરનો થનગનાટ - મોસમની મસ્તી મોરના થનગનાટમાં તસવીરકારે કેદ કરી છે... પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે સોળે કળાએ ખીલેલો મોરે નયનરમ્ય દૃશ્યનું સર્જન કર્યું... ગાંધીનગરના મધ્યમાં સ્વર્ણિમ પાર્કમાં મોરનો થનગનાટ જોવો એ પ્રકૃતિ પ્રેમીઓ માટે અનેરો લ્હાવો છે... ગાંધીનગરનો આ તો વૈભવ છે... જીઆર અને સીઆરના નગરમાં વિધાનસભા અને મહાત્મા મંદિરની વચ્ચે મોરનો થનગનાટ નગરની નવી ઓળખ અભિવ્યક્ત કરે છે...

# મંત્રીમંડળની બેઠકમાં રાહત પેકેજ મામલે ગરમાગરમી

ગાંધીનગર, તા. ૪

પૂરથી અસરગ્રસ્ત જિલ્લા માટે જાહેર કરવામાં આવેલ રાહત પેકેજને મામલે આજે રાજ્યમંત્રીમંડળની મળેલી બેઠકમાં ભારે ગરમાગરમી સર્જાઈ હતી. રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ પોતાની અવગણના થતી હોવાનો મુદ્દો બેઠકમાં ઉઠાવ્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના મંત્રીમંડળની આજે મળેલી કેબિનેટની બેઠકમાં ભારે ગરમાગરમી સર્જાઈ હતી. નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલે બેઠકમાં પોતાની અવગણના થતી હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. સાથે જ નીતિન પટેલે એવી ચીમકી આપી હતી કે, મને પૂછ્યા વગર ૧૫૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર તો કરી દીધું છે, પરંતુ નાણામંત્રીની સહી વિના આ પેકેજનો અમલ કેવી રીતે કરશો. એમ કહીને નીતિન પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણીને આડકતરી ધમકી આપી દીધી હતી.

આજે સવારથી ચાલી રહેલી કેબિનેટની બેઠકમાં ભારે ગરમાગરમી સર્જાતા બેઠકમાંથી અધિકારીઓને રવાના કરી દેવામાં આવ્યા હતા. જે બાદ મંત્રીઓ વચ્ચે ચાલેલી ચર્ચામાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વચ્ચે ભારે હુસાતુસી સર્જાઈ હતી. જેમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે તેમની અવગણના થતી હોવાનો મુદ્દો ઉઠાવી નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ચીમકી આપી હતી કે નાણામંત્રીની સહી વિના પેકેજનો અમલ કેવી રીતે કરશો. જે બાદ નીતિન પટેલે કેબિનેટની બેઠક છોડી રવાના થઈ ગયા હતા. નારાજ નીતિન પટેલને સમજાવવા મંત્રી શંકર ચૌધરી પહોંચી ગયા હતા. જ્યારે મુખ્યમંત્રીને સમજાવવા પ્રદીપસિંહ જાડેજા પહોંચ્યા હતા.

ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આવેલા ભારે પૂરના કારણે સર્જાયેલી પરિસ્થિતિને થાળે પાડવા ગુજરાત સરકારે ગઈકાલે જાહેર કરેલા ૧૫૦૦ કરોડના રાહત પેકેજથી માંડીને અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં સરકારે કરેલી કામગીરી અંગેની વિગતોમાંથી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની બાદબાકી કરીને બારોબાર મુખ્યમંત્રી નિર્ણયો લેતાં નીતિન પટેલ નારાજ થઈ ગયા હતા. આજે મળેલી કેબિનેટની બેઠકમાં પૂરની સ્થિતિ અને રાહત પેકેજ અંગેની ચર્ચા દરમિયાન નીતિન પટેલે નારાજગી વ્યક્ત કરતાં બેઠકમાં ભારે ગરમાવો આવી ગયો હતો.

# ગ-માર્ગ પર નમી પડેલા જોખમી વૃક્ષોથી ભયની લાગણી

**ભારે વરસાદના અંતે સેકટરોમાં પણ નમી પડેલા વૃક્ષોની સંખ્યા વિશેષ : ટ્રીમીંગની પણ અનિવાર્યતા : વનતંત્ર સર્વે હાથ ધરી જોખમી વૃક્ષોનો નિકાલ કરશે**

ગાંધીનગર તા ૪

શહેરમાં ચોમાસા પુર્વે વનતંત્ર દ્વારા સુકા અને જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જયારે વરસાદી દિવસો દરમિયાન પણ અત્યારસુધીમાં શહેરમાં સો જેટલા વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે ભારે વરસાદના અંતે પણ અનેક ઠેકાણે વૃક્ષોની હાલત જોખમી હાવાનુ ધ્યાને આવ્યુ છે. નગરના ગ માર્ગ પર નમી પડેલા વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાના લીધે સ્થાનિક રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. આ માર્ગ પર લાંબા સમયથી વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પણ થઈ નથી. આ ઉપરાંત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ કેટલાક વૃક્ષો જોખમી હાલતમાં છે. ત્યારે વનતંત્ર દ્વારા આ મામલે યોગ્ય સર્વે હાથ ધરી જોખમી વૃક્ષો દુર કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં સેકટરોના મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની વનરાજી ઘેરાયેલી જોવા મળી રહી છે. ચોમાસા દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર કલરકોડને ધ્યાને લઈ નવા રોપાઓની વાવણી પણ કરી દેવામાં આવી છે. ચોમાસા પુર્વે શહેરમાંથી સુકા અને અત્યંત જોખમી વૃક્ષોને પણ વનતંત્ર દ્વારા દુર કરવામાં આવ્યા હતા. પરંતુ સેકટરોમાં નમી પડેલા વૃક્ષોની સંખ્યા આજે પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ભારે વરસાદના સંજોગોમાં પણ શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. જયારે હાલની સ્થિતિએ અનેક વૃક્ષો જોખમી હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નગરના ગ માર્ગ પર નમી પડેલા જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ગ માર્ગ પર નમી પડેલા વૃક્ષો ગમે ત્યારે ધરાશાયી થાય તેવી ભયજનક સ્થિતિ હોવોનો સુર પણ સ્થાનિક રહીશોમાં ઉઠવા પામ્યો છે. ત્યારે આ જોખમી સ્થિતિને નિવારવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ ઉપરાંત સેકટરોમાં આંતરિક વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવાની પણ અનિવાર્યતા છે. વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ શહેરમાં સુકા વૃક્ષો દુર કરી દેવાયા છે. ત્યારે ભારે વરસાદના અંતે આગામી દિવસોમાં જોખમી વૃક્ષો અંગે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત જરૂરી ઠેકાણે ટ્રીમીંગ પણ કરી દેવાશે.

# જિલ્લામાં ૩૯,૬૬૯ બાળકો ઠીંગણા જણાયા

**કુપોષણ મુકિત અભિયાનના ૩જા તબક્કાના સર્વેલન્સમાં બહાર આવેલી વિગતો : ૩૩૩૭ બાળકો કુપોષિત જણાયા**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુકિત અભિયાનના ત્રીજા તબક્કામાં ૪૩.૪૫ ટકા બાળકો અપૂરતો શારિરીક વિકાસ થયો નહિ હોવાનું જણાઈ આવ્યું છે.

૦ થી ૫ વર્ષના બાળકોની કરાયેલ અત્યાર સુધીની તપાસમાં ૩૯,૬૬૯ બાળકો ઠીંગણા જણાયા છે. અર્થાત એમનો શારિરીક વિકાસ ઊંચાઈ-વજન સહિત જે થવો જોઈએ તેટલો જણાયો નથી.

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુકિત અભિયાનના ત્રીજા તબક્કામાં અત્યાર સુધીમાં ૧,૦૭,૨૪૫ બાળકોની તપાસ પૂર્ણ થઈ જવા પામેલ છે. ૧૫ જુનથી આરંભાયેલ આ તપાસમાં કુલ ૧,૬૯,૩૪૮ બાળકોની ચકાસણીનો લક્ષ્યાંક છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૩૩૭ બાળકો કુપોષણથી પિડાતા મળી આવ્યા છે. જેમાં ૩૩૩ બાળકો અતિ કુપોષિત હોવાનું જણાયું છે. આ પૈકી ૨૬ બાળકો જે મેડીકલ કોન્સીડેશન અને ભૂખ પરીક્ષણમાં નાપાસ થયા છે તેમને એનઆરસી તેમજ સીએમટીસીમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું**

અમારા મોટાભાઈ **નિહાર રમેશચંદ્ર વ્યાસ** તા. ૩-૮-૨૦૧૭ ગુરૂવારના રોજ શિવચરણ પામેલ છે.
**સદ્ગતનું બેસણું તા. ૬-૮-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
**સ્થળ :-સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા, વિશ્વકર્મા મંદિરની સામે, પથીકાશ્રમ, સેક્ટર-૧૨, ગાંધીનગર.**

કંચનબેન રમેશચંદ્ર વ્યાસ — તન્વી નિહાર વ્યાસ
નિગમ રમેશચંદ્ર વ્યાસ — વૈશાલી નિગમ વ્યાસ

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**
**ડો. અરૂણ બી. વ્યાસા તથા સમસ્ત વ્યાસા પરિવાર**



**ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર**
**સેક્ટર-૧૫, ગાંધીનગર**

પ્રવેશ ઓગસ્ટ-૨૦૧૭માં ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ વ્યવસાયોમાં બેઠકો ખાલી છે. હાલમાં બીજા રાઉન્ડની પ્રવેશ કામગીરી ચાલુ છે. આથી પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ તાત્કાલિક તા. ૧૧/૮/૨૦૧૭ સુધીમાં અરજી કરવા જણાવવામાં આવે છે.

| ટ્રેનું નામ | બાકી સીટો |
|---|---|
| બેઝિક કોસ્મેટોલોજી (એસ.સી.પી.) (SHIFT-1) | ૨૩ |
| ડ્રેસ મેકીંગ (એસ.સી.પી.) (SHIFT-1) | ૨૦ |
| મેડીકલ ઈક્વીપમેન્ટ (SHIFT-1) | ૨૧ |
| સ્ટેનોગ્રાફી એન્ડ સેક્રેટરીયલ આસિસ્ટન્ટ (અંગ્રેજી) (એસ.સી.પી.) (SHIFT-2) | ૨૫ |
| સર્ટી. કોર્સ ઈન ઈ-કોમર્સ (એસ.સી.પી.) (SHIFT-2) | ૭ |
| પેઈન્ટર જનરલ (SHIFT-2) | ૩ |
| સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી) (એસ.સી.પી.) (SHIFT-2) | ૬ |
| જનરલ કારપેન્ટર (એસ.સી.પી.) (SHIFT-1) | ૩ |
| સુઈંગ ટેકનોલોજી (ગર્લ્સ) (SHIFT-2) | ૨૨ |
| સ્ટેનોગ્રાફી એન્ડ સેક્રેટરીયલ આસિસ્ટન્ટ (અંગ્રેજી) (ગર્લ્સ) (SHIFT-2) | ૧૬ |
| ટોટલ | ૧૪૬ |

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા
ગાંધીનગર

માહિતી/૧૨૬૦/૧૭-૧૮


# ઝુંડાલમાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

**જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૮ થઈ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ખાતેથી આજે વધુ એક સ્વાઈન ફ્લુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૧૮ પર પહોંચી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ૨૬ વર્ષીય યુવાન હાલ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા જે ગતિએ વધી રહી છે તેને લઈ તંત્ર પણ હવે ચિંતાતુર બન્યુ છે અને તમામ તબીબોને સ્વાઈન ફ્લુની સારવારનો પ્રોટોકોલ જે છે તેની નકલ આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત લોકોમાં પણ તે અંગે જન જાગૃતિ આવે તે માટે અલાયદી વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયેલા કેસોમાં ૪ બાળકો, ૨ સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. સૌથી વધુ કેસ કલોલ વિસ્તારમાંથી મળી આવ્યા છે. કલોલમાંથી ૮ કેસ સ્વાઈન ફ્લુના કેસ મળ્યા છે જેમાંથી ૩ દર્દીના મોત નીપજ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે મળેલ દર્દી સાથે આ તાલુકામાં ૫ કેસ સ્વાઈન ફ્લુના થયા છે.

અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ ઝુંડાલના યુવાનની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં ગટર ચેમ્બરો મોતના કુવા સમાન સ્થાનિક રહીશો માટે ખતરો

**સે-૨ સ્વામિનારાયણ મંદિર પોસ પણ મોટુમસ ગાબડુ જોખમી : અનેક રજુઆતો પણ કોઇ પગલા લેવાતા નથી**

ગાંધીનગર તા ૪

સે-૨ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં માર્ગ પાસે મોટુ મસ ગાબડુ પડતા ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. મંદિર નજીક સ્થિત સેકટરના રીંગ રોડ બાજુમાં માટી પોલાણ થવાના લીધે ગટર ચેમ્બર નજીક મોટુ ગાબડુ જોવા મળી રહયુ છે. રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો પણ બંધ રહેતા આ ભયજનક સ્થિતિમાં ગમે ત્યારે જાનેલેવા અકસ્માત થાય તેવી દહેશત છે. તંત્રના અધિકારીઓને પણ સ્થાનિક રહીશો દ્વારા આ અંગે રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી.

શેહરમાં ગત સપ્તાહ દરમિયાન ભારે વરસાદના સંજોગોમાં સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહયા છે. જેમાં ગટર લાઈનની ચેમ્બર પાસે માટી પોલાણ થવાના લીધે શહેરમાં ૪૦ થી વધુ ઠેકાણે ભયજનક દ્રશ્યો જોવા મળી રહયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલને રોગચાળા માટે સંવેદનશીલ ગણી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરાશે

**૧૫ પ્રશ્નોની પ્રશ્નાવલી તૈયાર કરાઈ : એક સપ્તાહમાં સર્વે સંપન્ન થાય તે રીતે આયોજન**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વરસાદે વિરામ લેતાં જ રોગચાળા માટે સંવેદનશીલ જણાયેલ કલોલ શહેરમાં આરોગ્યતંત્રએ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરવાનો નિર્ણય લીધો છે. જે આજથી આરંભાશે અને એક સપ્તાહમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કલોલમાંથી મળી આવેલા સ્વાઈનફ્લુના ૮ કેસ પૈકી ૩ કેસ કલોલ શહેરના છે જ્યારે ૪ કેસ કલોલ નજીકના છત્રાલ જીઆઈડીસી વિસ્તારના છે. આ ઉપરાંત કલોલ શહેરમાં આવેલ અર્બન હેલ્થ સેન્ટર અને સીએચસીમાં ૬૦થી વધુ સાદા ઝાડાના કેસો નોંધાયા હોવાથી હરકતમાં આવેલ તંત્રએ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો નિર્ણય કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ સર્વેલન્સ માટે ૧૫ જેટલા પ્રશ્નોની પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી છે અને તે દરેક ઘરમાં જઈ આરોગ્ય કર્મચારી વ્યક્તી દીઠ પુછી અને ભરવામાં આવશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે કલોલમાં ભારે વરસાદ આ સિઝનમાં નોંધાયો છે તેમજ ક્લોરીનેશન પેયજળમાં ઓછુ જણાયુ હતુ તે પછી તંત્રએ સર્વેલન્સની દિશામાં આગળ વધવાનો નિર્ણય લીધો છે.

તંત્ર દ્વારા કલોલ શહેરમાં આ માટે હોર્ડિંગ્સ તેમજ રિક્ષા પર માઈક બાંધી અને લોકોને સર્વેલન્સ અંગે અને સાવચેતીના પગલાંની જાણકારીની વિગતો આપવામાં આવશે.

આરોગ્ય તંત્રએ ચીફ ઓફિસર સાથે પણ બેઠક કરી છે તેમજ શહેરમાં અખાદ્ય ચીજોનું વેચાણ ના થાય તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્રને પણ પત્ર લખી જણાવ્યું છે.

માહિતી/૧૧૬૩/૧૭-૧૮

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com